## 1. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કયા ગંભીર પ્રશ્નો ઉદભવ્યા છે.

- ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ફરાકા બંધ પાસે ગંગા નદીના પાણીની વહેચણીનો તથા બાંગ્લાદેશમાંથી ચકમાં જાતિના લોકોની તેમજ હિન્દુ અને મુસ્લિમ બાંગ્લાદેશીઓની ભારતમાં થતી ઘુષણખોરીનો પ્રશ્ન આ બે ગંભીર પ્રશ્નો ઉદભવ્યા છે.

## 2. ભારતે નેપાલ સાથે સંબંધો વિકસાવવા કયાં કયાં પગલા ભર્યા ?

- ભારતે નેપાલ સાથે સંબંધો વિકસાવવા નેપાલને પંચવર્ષીય યોજના માટે રૂપિયા 10 કરોડ ની આર્થિક મદદ કરી. નેપાલ સાથે ભારતના વ્યાપારી સંબંધો સ્થાપવા સંધિ કરવામાં આવી એ મુજબ ભારતે નેપાલને બધી વ્યાપારી સગવચ્ચે આપવાનું સ્વીકાર્યું.

## 3. ભૂતાનના વિકાસ માટે ભારતે કઈ કઈ મદદ કરી ?

- ભૂતાનના વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના વિકાસ માટે ભારતે આર્થિક મદદ કરી , ઈ.સ. 1959 માં ભારતે ભૂતાનને યુનિવર્સલ પોસ્ટલ યુનિયનનું સભ્ય બનાવ્યું. ભારતે ભૂતાનને યુ.એનું સભ્યપદ અપાવવામાં સહાય કરી. ભારતે ભૂતાનના આર્થિક વિકાસ માટે વાહનવ્યવહારની સગવડો પૂરી પાડી છે.

## 4. ભારતમાં આર્થિક આયોજનના મુખ્ય ઉદેશો કયા છે?

- ભારતમાં આર્થિક આયોજનના મુખ્ય ઉદેશો (1) વધતા દરે આર્થિક વિકાસ, (2) આર્થિક અસમાનતામાં ઘટાડો, (3) પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવી, (4) સ્વાવલંબન, (6) ભાવસ્થિરતા અને (7) શૈક્ષણિક ક્ષેત્રે વિકાસ.